**ક્રમાંક–૧૮**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**શનિવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

શનિવાર, તા.૧૮મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૧થી ૧૧૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૯–૩૦ કલાકે પૂરો થયો.

૨. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલની રજૂઆત ધ્યાને લઇ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉનાળાની ગરમીના કારણે વિકલાંગ, અશક્ત અને વૃદ્ધ વ્યક્તિઓ માટે પાર્કીંગથી વિધાનસભા આવવા માટે ૨ ઇલેક્ટ્રિક કારની વ્યવસ્થા કરી આપેલ હોવાની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી અને ગૃહના તમામ સભ્યશ્રીઓને તેમના વિસ્તારમાંથી આવતા મુલાકાતીઓને જાણકારી આપવા માટે જણાવ્યું.

૩. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**એન.સી.બી.ના ડેટા અંગેના આધાર–પુરાવા રજૂ કરવા અંગે**

તા. ૧૪–૩–૨૦૨૩ના રોજ નિયમ–૧૧૬ની નોટિસની ચર્ચા દરમિયાન કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા દ્વારા એન.સી.બી.ના અહેવાલના આધારે ઉલ્લેખ કરેલ આંકડાઓના અનુસંધાનમાં માનનીય ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે હજુ સુધી એન.સી.બી.નો અહેવાલ તેમણે રજૂ કર્યો નથી. તેમણે રજૂ કરેલ આંકડા સત્યથી વેગળા હોવાનું જણાવી તેને રેકર્ડ ઉપરથી દૂર કરવા તથા ગૃહની માફી માગવા જણાવ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ આ અંગે માનનીય અર્જુનભાઇ અને માનનીય હર્ષભાઇ બંનેની વીડિયો ક્લિપ જોયા બાદ આ અંગેનો નિર્ણય જાહેર કરીશ તેમ જણાવ્યું.

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૬, પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૭, પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૧, વન અને પર્યાવરણ તથા પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ રજૂ કરી. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૮, રાજ્ય કક્ષાના રમત ગમત અને યુવક સેવા મંત્રીશ્રી હર્ષ સંઘવીએ રજૂ કરી તથા ક્લાઇમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૭ ક્લાઇમેટ ચેન્જ વિભાગના માનનીય મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક–૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક–૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭, ૧૮ અને ૨૦, માગણી ક્રમાંક–૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ તથા માગણી ક્રમાંક–૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮, ૩૦ અને ૩૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા (કોંગ્રેસ પક્ષના નેતા)
(૨) શ્રી બાળકૃષ્ણ શુકલ(મુખ્ય દંડકશ્રી)
(૩) શ્રી અનિરુદ્ધભાઇ દવે

**વિરામ સવારના ૧૦-૩૦થી ૧૧-૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી ગણપતસિંહ વસાવા
(૫) શ્રી વિનોદભાઇ મોરડિયા
(૬) શ્રી ચિરાગકુમાર પટેલ
(૭) શ્રી ફતેસિંહ ચૌહાણ
(૮) શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા
(૯) શ્રીમતી રીવાબા જાડેજા
(૧૦) શ્રી ઉમેશ મકવાણા
(૧૧) શ્રી દિનેશસિંહ કુશવાહ
(૧૨) શ્રી ચૈતન્યભાઇ દેસાઇ

ત્યારબાદ ચર્ચાનો જવાબ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના રાજ્ય કક્ષાના માનનીય પ્રભારી મંત્રીશ્રી હર્ષ સંઘવી તથા વન અને પર્યાવરણ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ક્લાઇમેટ ચેન્જ વિભાગના માનનીય પ્રભારી મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ આપ્યો. ( પ્રવચન અધૂરું )

૫. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીની માગણીઓ પરની ચર્ચાનો જવાબ અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો. સી.જે.ચાવડાએ સમર્થન આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૧૨-૫૪)

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ ) (ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ વન અને પર્યાવરણ વિભાગ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ક્લાઇમેટ ચેન્જ વિભાગના માનનીય પ્રભારી મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ પૂર્ણ કર્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૩, ૪, ૫, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦ અને ૩૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૨૬, ૨૭, ૫૧, ૯૮ અને ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા. ૨૦મી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧-૧૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૮મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.